અપીલ અરજી નં.૩૯૩ તા.૯–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ધર્મેશ એચ.સોપારીવાલા
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઓફિસ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધર્મેશ એચ.સોપારીવાલાની તા. ૦૫–૦૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સુરત મહાનગરપાલિકા કમિશ્નર એસ.અર્પણા (મેડમ) તેમના કાર્યકાળ તા. ૧–૪–૨૦૦૭ થી તા. ૧૨–૬–૨૦૧૧ દરમ્યાન કેટલીવાર દિલ્હી ગયા ? એર ટીકીટ તથા રેલ્વે ટીકીટની નકલ આપવી વિ. મુદ્દા નં.(૧) થી (૧૧)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૩/૨૦૧૧–૧૨

શ્રી ધર્મેશ એચ.સોપારીવાલાની તા. ૦૫–૦૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સુરત મહાનગરપાલિકા કમિશ્નર એસ.અર્પણા (મેડમ) તેમના કાર્યકાળ તા. ૧–૪–૨૦૦૭ થી તા. ૧૨–૬–૨૦૧૧ દરમ્યાન કેટલીવાર દિલ્હી ગયા ? એર ટીકીટ તથા રેલ્વે ટીકીટની નકલ આપવી વિ. મુદ્દા નં.(૧) થી (૧૧)ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સી/૧૫૦૫ તા. ૨૦–૯–૧૧તથા નં.સી/૧૩૩૭ તા. ૩/૫–૯–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારને તેમણે લખેલ તા. ૨૦–૯–૧૧ના પત્રમાં નિર્દિષ્ટ કલમ–૬(૩) સાથે કલમ–૭(૧)ની કઈ જોગવાઈ પ્રસ્તુત કિસ્સામાં અનુસરેલ છે તે આધાર સહ સ્પષ્ટ કરવા સાથે કલમ–૭(૩)ને તથા કલમ–૫(૨) ધ્યાને લીધેલ કે કેમ ? સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૯ તા.૨૧–૧૧–૧૧ થી** ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઓફિસ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી/૨૧૭૮ તા.૨૯–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૭૫૬ તા.૮–૮–૧૧ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને ઓફિસ સુપ્રિ. મધ્યસ્થ કચેરી, ઈન્કવાયરી ઓફિસર ને તબદીલ કરેલ પત્રની નકલ, સને ૨૦૦૭–૦૮ , ૨૦૦૮–૦૯, ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં કરવામાં આવેલ ટ્રાવેલીંગ અંગેના પત્રકોની નકલ, શ્રી સંજીવકુમારને આપેલી માહિતી અંગે પત્ર નં.ડીસી/આ.નં.૧૯ તા.૨૦–૭–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી./૧૩૩૭ તા.૩/૫–૯–૧૧ ના પત્રની નકલ, આરટીઆઈની કલમ–૬ અને ૭ ની જોગવાઈ જણાવતા ગેઝેટની માહિતીની નકલ, અરજદારની તા.૨૭–૯–૧૧ ની અરજીની નકલ, અરજદારને સ્પષ્ટતા કરતો પત્ર નં.સી/૧૫૦૫ તા.૨૦–૯–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી ટપાલની ઝેરોક્ષ નકલ, અરજદારની તા.૧૩–૯–૧૧ ની અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ મુદ્દા નં.૧ થી ૧૧ મુદ્દાની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૭૫૬ તા.૮–૮–૧૧ થી નિયત સમય અવધિમાં પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ, ઓફિસ સુપ્રિ. મધ્યસ્થ કચેરી અને ઈન્કવાયરી ઓફિસર ને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) સુરત મહાનગરપાલિકા કમિશ્નર એસ.અર્પણા (મેડમ) તેમના કાર્યકાળ તા. ૧–૪–૨૦૦૭ થી તા. ૧૨–૬–૨૦૧૧ દરમ્યાન કેટલીવાર દિલ્હી ગયા ? એર ટીકીટ તથા રેલ્વે ટીકીટની નકલ આપવી. મુદ્દા નં.(૨) દિલ્હી ગયા ત્યારે તેઓ કઈ કઈ હોટલમાં રોકાણ કર્યુ? તે તમામ હોટલોના બીલની નકલ. મુદ્દા નં.(૩) દિલ્હીમાં તેઓએ ભાડે લીધેલ વાહનના બીલોની નકલ આપવી તથા તેની ચૂકવણી માટેના વાઉચરની નકલ આપવી. મુદ્દા નં.(૪) સુમપાના કમિ. એસ. અર્પણા મુંબઈ કેટલી વાર ગયા? રેલ્વે/એર ટીકીટ કે વાહન ભાડાની રસીદની નકલો આપવી. મુદ્દા નં.(૫) સી.વાય. ભટ્ટ કેટલી વાર દિલ્હી, મુંબઈ કે ફોરેન ગયા તેની રેલ્વે એર ટીકીટની નકલો આપવી. વાહન ભાડાની રસીદો આપવી. મુદ્દા નં.(૬) એસ. અર્પણા કેટલી વાર ફોરેન ગયા તેની રેલ્વે, એર ટીકીટની નકલો આપવી. વાહન ભાડાની રસીદો આપવી. મુદ્દા નં.૭ સી.વાય. ભટ્ટ બહાર પ્રવાસ સમયે કઈ કઈ હોટલોમાં રોકાણ કર્યુ છે તે હોટલ .બીલની નકલો તથા વાઉચરની નકલો આપવી. મુદ્દા નં.૮ નરેશ વ્યાસની સામે ૨૪ લાખ જેવી માતબર રકમ વસુલ લેવાનો હુકમ થયેલ તે ખાતાકીય તપાસના અહેવાલની નકલ આપવી. મુદ્દા નં.૯ સરકારશ્રીના કે. સુરત

મહાનગરપાલિકાના નિમયોનુસાર વાહન ભાડુ તથા હોટલ ભાડા ચૂકવવા બાબતે નિયમો બનાવવામાં આવ્યા હોય તે પરીપત્રોની નકલો આપવી. મુદ્દા નં.(૧૦) સુરત મહાનગરપાલિકાની કમિ.શ્રી એસ. અર્પણા બહારગામ જવાના હોય ત્યારે જે એમની ગેરહાજરી બાબતે જે નોંધ બહાર પાડે તેની નોંધની નકલો આપવી. મુદ્દા નં.(૧૧) સી.વાય. ભટ્ટને જે ગુજરાત તકેદારી આયોગ ધ્વારા રૂા.૧૬,૦૦૦/– નો દંડ થયેલો તે દંડની એન્ટ્રી દર્શાવતી સર્વિસબુકની નકલ આપવી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી./૧૩૩૭ તા.૩/૫–૯–૧૧ થી તા.૫–૮–૧૧ ની આઈ ડી નં.૬૨૦ આંશિક ની અરજી મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજીના અનુસંધાને મુદ્દા નં.૧ થી ૧૧ માટે આંશિક તબદીલ થયેલ અરજી સંદર્ભે મે. કમિ.શ્રીએ એપ્રિલ –૨૦૦૭ થી ૧ લી જુન ૨૦૧૧ સુધી સુરત શહેર બહાર હવાઈ માર્ગે કયાં કયાં મુસાફરી કરી તે અંગેનો કેટલો ખર્ચ થયો તે અંગેની માહિતી પૂરી પાડવા અર્થે કુલ ૩૬૯ તથા સી.એન. નોંધના કુલ ૧૬૨ મળી પાના નંગ–૫૩૧ માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ ના નિયમ –૫(બ) (૧) મુજબ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૧૦૬૨/– (અંકે એક હજાર બાસઠ પૂરા) સુરત મહાનગપાલિકાની તિજોરીમાં જમા કરાવ્યા બાદ રસીદ રજૂ કર્યેથી માંગ્યા મુજબની નકલો આપવા માટે તજવીજ કરવામાં આવશે. વધુમાં આ સંદર્ભે જરૂર જણાયે ઓફિસ સુપ્રિ. નો કચેરીનો રૂબરૂ સંપર્ક કરશો. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૧૩–૯–૧૧ ના રોજ ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવી અમારી તા.૫–૮–૧૧ ની અરજી બાબતેની ૩૦ દિવસની મુદત તા.૩–૯–૧૧ ના રોજ પૂર્ણ થતી હોવાથી અને આપની તા.૫–૯–૧૧ નો પત્રનં.સી./૧૩૩૭ થી રૂા.૧૦૬૨/– ભરવા જણાવેલ છે તેથી અમોએ રૂપિયા ભરવાના થતા નથી તેથી નકલો વિના મૂલ્યે આપવાની રહે છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી/૧૫૦૫ તા.૨૦–૯–૧૧ થી માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૩) સાથે કલમ–૭(૧) ધ્યાને લેતાં સમય મર્યાદામાં નાણા ભરી જવા જણાવવામાં આવ્યું છે તેવું જણાવેલ. જેના સંદર્ભે અરજદારે તા.૨૭–૯–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનને સંબોધતી અરજી કરી અમારી માહિતી માંગતી અરજી તબદીલ કરવામાં આવી હોય તો તેની જાણ કરતો પત્ર અમોને ન પાઠવવાના કારણે અમોને નિયમોનુસાર માહિતી વિના મૂલ્યે આપવાની થાય તેવું જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જે મધ્યસ્થ કચેરીને મોકલવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે તા.૯–૧૧–૧૧ ના રોજ અપીલ અધિકારીને તા.૫–૯–૧૧ ના નિર્ણયથી નારાજ હોવાનું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં અરજદારે તા.૫–૧૧–૧૧ ની સહી વિનાની અરજી મુજબ અરજીના કારણ કેસની સંક્ષિપ્ત હકીકતો હોવાનું જણાવેલ. જેમાં અરજદારે જાહેર માહિતી અધિકારીનો માહિતી અંગે નાણા ભરવાનો પત્ર ૩૦ દિવસમાં ન હતો તેથી વિના મૂલ્યે માહિતી આપવાની થાય. તેમ છતાં માહિતી તબદીલ થઈને આવે તો તેમાં નિયત સમય મર્યાદા બાદ કરતાં પાંચ દિવસનો વધુ સમય મળે છે એમ જણાવી માહિતી આપી નથી અને માહિતીનો જાણ કરતો પત્ર પણ અમોને લખ્યો નથી તેથી માહિતી વિના મૂલ્યે મળી રહે તે માટે અપીલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. અરજીની તબદીલીને લાગે છે ત્યાં સુધી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/૭૫૬ તા.૮–૮–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારની જાણ હેઠળ અરજી તબદીલ થયેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી રજૂ કરેલ સી/૨૦૭૮ તા.૨૯–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં ટપાલબુકની નોંધ જોતાં અરજદારને તા.૩/૫–૯–૧૧ ના રોજ ટપાલ નોંધાયેલ છે અને તેનું બંધ કવર પણ અરજદારને તા.૫–૯–૧૧ ના રોજ સ્વીકારાયેલ છે. આમ જોતાં અરજદારને માહિતી અંગે નાણા ભરવાનો પત્ર માહિતી આપવાના છેલ્લા દિવસ ે એટલે કે તા.૩–૯–૧૧ ના રોજ લખાયેલ છે અને તે જ દિવસે જાહેર માહિતી અધિકારીની સહી થયેલ છે. પરંતુ આઉટવર્ડ જોતાં તેનો નંબર સી/૧૩૩૭ તા.૩/૫–૯–૧૧ ના રોજ થયેલ છે અને તે જ દિવસે સ્વીકારાયેલ છે આમ નાણા ભરવાનો પત્ર સમય અવધિના બે દિવસ બાદ આઉટવર્ડ થયેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ તેમના પત્ર નં.સી/૧૫૦૫ તા.૨૦–૯–૧૧ થી કલમ–૬(૩) સાથે કલમ–૭(૧) ધ્યાને લેતાં નાણા ભરી જણાવવામાં આવ્યું છે તેવું જણાવેલ છે. એટલે કે તા.૩–૯–૧૧ ના રોજ પત્ર લખેલ છે અને જાહેર માહિતી અધિકારીએ સહી કરેલ છે તેથી સમય મર્યાદામાં નાણા ભરી જવા જણાવવામાં આવ્યા હોવાનું કહી શકાય પરંતુ તેનું આઉટવર્ડ તે દિવસે થયેલ ન હોવાથી તેની જાણ અરજદારને આઉટવર્ડની તારીખ અને સ્વીકાર્યાની તારીખ ધ્યાને લેતાં તા.૫–૯–૧૧ છે જે સમય અવધિ બાદની છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પૂરક પત્રમાં માહિતી પૂરી પાડવાની મુદતથી ગણતરી વખતે પાંચ દિવસની મુદત ઉમેરતાં અરજદારને માંગેલ માહિતીનો જવાબ સમય મર્યાદામાં પાઠવવામાં આવેલ છે આમ અરજદારને માહિતી વિના મૂલ્યે પૂરી પાડવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. પરંતુ આરટીઆઈ કાયદાની કલમ–૭(૧) સાથે ૫ (૨) સાથે મ. જાહેર માહિતી અધિકારીને અરજી કે અપીલ કરવામાં આવેલ હોય ત્યારે કલમ–૭ ની પેટા કલમ(૧) હેઠળ નિર્દિષ્ટ કરેલ પ્રત્યુત્તર આપવા માટેની મુદતની ગણતરી કરતી પાંચ દિવસની મુદત ઉમેરવામાં આવે. પરંતુ અત્રે એ પ્રસ્તુત છે કે અરજદારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે સીધી અરજી કરેલ છે અને જે સત્તા મંડળની મુખ્ય કચેરીએ આવેલ છે. આમ આરટીઆઈ એકટની કલમ–૬(૩) માં જાહેર સત્તા મંડળને માહિતી માટે અરજી કરવામાં આવી હોય અને તેવી માહિતી બીજા જાહેર સત્તા મંડળ પાસે હોય અથવા તેનું વિષય વસ્તુ બીજા જાહેર સત્તા મંડળના કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળાયેલ હોય ત્યારે એવી અરજી જે જાહેર સત્તા મંડળને કરવામાં આવી હોય તેની જાણ અરજદારને કરવાની રહે જે સેન્ટ્રલ ઝોન તરફથી અરજદારને કરવામાં આવેલ છે. જયારે ૬(૩) ની સાથે કલમ–૭(૧) માં કલમ–૬ હેઠળ વિનંતી મળ્યે શકય હોય તેટલી જલ્દી અને કોઈ પણ કિસ્સામાં વિનંતી મળ્યાના ૩૦

દિવસની અંદર  ઠરાવવામાં આવે તેવી ફી ની ચૂકવણી કર્યેથી માહિતી પૂરી પાડવી જોઈશે  જે  જાહેર માહિતી અધિકારી તરફથી  ૩૦ દિવસની અંદર માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.  તેટલું જ નહીં પણ  સમય મર્યાદામાં નાણા ભરી જવાનો પત્ર પણ ૩૦ દિવસમાં અરજદારને પૂરો પાડવામાં આવેલ નથી. આથી અરજદારને  વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાની રહે. આ સિવાય અરજદારને અન્ય મુદ્દાઓ અંગે કોઈ તકરાર નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૦૫–૧૦–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નાણા ભરવાનો પત્ર સમય અવધિ બાદ પાઠવવામાં આવેલ હોય અરજદારને તે માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી ''મધ્યસ્થ કચેરી''ને  જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :     –૧૨–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધર્મેશ એચ.સોપારીવાલા,